# અશનુર કૌર ફિલ્મોંકી ઓર




કેમેરા સામે જીવાતી જિંદગીનું ભારે ગ્લેમર હોય છે. પોતાને અભિનેય ક્ષેત્રે આવવું ન હોય પણ ઓફર આવે તો નકારે નહીં અને કારકિર્દી શરૂ થઇ જાય. ઘણા આખી જિંદગી ફિલ્મમાં કામ કરવા તડપતા રહે પણ મોકો ન મળે તો ન મળે.અશનુર કૌરે દશમા ધોરણમાં સીબીએસઇ બોર્ડ એકઝામમાં 93 ટકા માર્ક મેળવેલા અને 12મા ધોરણમાં 94 ટકા આવેલા. છોકરી બ્રિલીયન્ટ હતી પણ તે હજુ પાંચમા ધોરણમાં હતી ત્યારે જ ‘ઝાંસી કી રાની’ ટી.વી. શ્રેણીમાં પ્રાચીની ભૂમિકા ભજવી અને ‘સાથીયા સાથે નિભાના’માં પન્નાની ભૂમિકા મળે. બસ પછી તો તેનું ભણવાનું અને અભિનયનું સાથે સાથે ચાલ્યું. પણ બ્રિલીયન્ટ હોવાથી ભણતરમાં પણ તે તેજસ્વી જ રહી. હા, તે શિક્ષણ વડે બનાવવાની કારકિર્દી બનાવી ન શકી.

હવે આ અશનુર કૌર ‘તું ચાહિયે’માં આવી છે.આ પહેલાં રાજકુમાર હીરાનીની ‘સંજુ’માં તે યુવા પ્રિયા દત્ત બની હતી અને ‘મન મિર્ઝિયા’માં કિરણ બગ્ગાની ભૂમિકા ભજવેલી. ફિલ્મોથી વધુ તે ટી.વી. સિરીયલોમાં જ વ્યસ્ત રહી છે અને હજુ તો તે વીસ વર્ષની જ છે એટલે ફિલ્મોમાં કામ કરવાનો સમય તો હવે આવી રહ્યો છે. ‘તુ ચાહિયે’માં તેનો હીરો અક્ષય ઓબેરોય છે. અશનુર માને છે કે ફિલ્મનો પરદો મોટો છે અને પરદા પરની હાજરી જાણે ઘણી બધી ક્ષમતા માંગે છે. એ ક્ષમતાની તૈયારીરૂપે ટી. વી. સિરીયલોમાં કામ કર્યું અને હવે વેબસિરીઝમાં પણ કામ કરું છું. અત્યારે ‘સ્કુલ ફ્રેન્ડસ 3’ વેબ સિરીઝનું શૂટિંગ ચાલી રહ્યું છે અને તે પહેલાં ‘પરી હું મેં’માં પરી અને ‘બટર ફલાઈઝ’માં મિનીની ભૂમિકા કરી છે.

અશનુરે વીસ વર્ષ સુધીમાં તો ઘણું કામ કરી લીધું છે. પંદર જેટલા મ્યુઝિક વિડિયોમાં તે આવી ચૂકી છે. તે કહે છે કે જો સ્ટડીમાં આગળ વધી હોત તો તેમાં પણ આવા જ ઈન્વોલ્વમેન્ટ સાથે ભણી હોત પણ અભિનયનું ક્ષેત્ર મળી ગયું તો હવે ટોટલી આ ક્ષેત્રમાં કેટલું કામ કરી શકાય તે વિચારું છું. સારા દિગ્દર્શકો અને સારી પટકથા જ મને અભિનયમાં કામ લાગે છે. તે કહે છે કે માધ્યમોમાં ચર્ચાતાં રહેવું મને ગમે છે અને અભિનય સાથે આ બધું જોડાયેલું છે.

બાળકલાકારથી મુખ્ય નાયિકા ભજવવા સુધીની પોતાની યાત્રાથી અશનુર ખુશ છે. ‘સંજુ’માં એક ઉત્તમ દિગ્દર્શક સાથે કામ કરવા ઉપરાંત રણબીર કપૂર, પરેશ રાવળ વગેરે સાથે કામ કરવાને તે એક ટ્રેનિંગ કોર્ષ સમું ગણે છે. અશનુર કહે છે કે ટી.વી. પર હું એક સ્ટાર તરીકે કામ કરી શકી પણ ફિલ્મોની મજલ જૂદી છે અને મ્યુઝિક વિડિયોમાં કામ કર્યું તે પણ ફિલ્મની ટ્રેનિંગ રૂપે જ કહી શકો કારણ કે ટી.વી. પર તો ગીતો નથી હોતાં પણ ફિલ્મોમાં ગીતો પર પરફોર્મ કરવાનું હોય છે. તે અત્યારે તેની રજૂ થઇ રહેલી ફિલ્મ બાબતે ખૂબ ખુશ છે અને ઈચ્છે છે કે આ ફિલ્મ તેને વધુ કામ મેળવી આપે. ●

**બાળકલાકારથી મુખ્ય નાયિકા સુધીની યાત્રાથી અશનુર ખુશ છે. ‘સંજુ’માં ઉત્તમ દિગ્દર્શક, રણબીર વગેરે સાથે કામને તે ટ્રેનિંગ ગણે છે**




# દીપક ડોબરિયાલ, ધીમી પણ મક્કમ ચાલ

હવે એવું વારંવાર બની રહ્યું છે કે કોઈ ફિલ્મ સફળ રહે તો કારણમાં હીરો-હીરોઇન-વિલન નથી હોતાં બલ્કે ચરિત્ર અભિનેતા-અભિનેત્રી હોય છે. ફિલ્મોનું માળખું હવે બદલાઈ ગયું છે અને તે કારણે એવા ઘણા અભિનેતા નથી છતાં લોકોની નજર તેમના પર રહે છે. દીપક ડોબરિયાલ એક એવો જ અભિનેતા છે. વિશાલ ભારદ્વાજની ‘મકબુલ’માં તે થાપા તરીકે લોકોની નજરમાં વસી ગયેલો પછી ‘ઓમકારા’માં પણ રાજન તિવારી-રજ્જુ તરીકે જાણીતા એક્ટર્સ સામે લોહા લીધેલા. જો કે આટલી નહીં તેનાથી ઘણી વધારે ફિલ્મો માટે હવે તો યાદ કરવો પડે તેમ છે અને એ ફિલ્મોમાં ‘મુંબઇ-કટિંગ’, ‘દિલ્હી-6’, ‘શૌર્ય’, ‘ગુલાલ’, ‘દબંગ-2’, ‘હિન્દી મિડીયમ’, ‘ભેડીયા’, ‘ભોલા’, ‘સેકટર-36’ સહિતની ફિલ્મો છે. અજય દેવગણ દીપક ડોબરિયાલનો ઘણી વાર આગ્રહ રાખે છે અને તેનું કારણ એ કે દીપકના ચહેરા અને શરીરના બંધારણમાં મધ્યમ વર્ગીય ભારતીય જોવા મળે છે. દીપક ડોબરિયાલ ફિલ્મોમાં આવ્યો તે પહેલાં ગિરીશ કાર્નાડ, ધર્મવીર ભારતી, યુજિન ઓનિલ, બર્તોલ્ટ બ્રેખ્ત, ભીષ્મ સાહનીનાં લખેલાં નાટકો ભજવી ચૂક્યાં છે. ફિલ્મોમાં પણ તેણે શરૂથી જ ઓળખ ઊભી કરી દીધેલી. ‘ઓમકારા’નો રજ્જુ યા ‘તનુ વેડ્સ મનુ’નો પપ્પીને કોઇ ભૂલી ન શકે. નાટકમાંથી આવેલા અભિનેતા જરા વધુ આત્મવિશ્વાસવાળા હોય છે. ઉત્તરાખંડનો દીપક દિલ્હીમાં જ ઉછર્યો છે એટલે નાટકમાં પણ વહેલાં કામ કરતો થયેલો. સામાન્ય ચહેરો ધરાવતો દીપક પોતાના પાત્રમાં હોય ત્યારે અસામાન્ય વર્તાવા માંડે છે. ‘હિન્દી મિડીયમ’માં તેણે શ્યામ પ્રકાશની ભૂમિકા ભજવેલી ત્યારે ફિલ્મફેરનું નોમીનેશન મળેલું એ જ રીતે ‘તનુ વેડ્સ મનુ રિટર્ન’ની ભૂમિકા વખતે પણ નોમીનેશન મળેલું. જો કે મરાઠી ફિલ્મ ‘બાબા’ની ભૂમિકાએ તેને શ્રેષ્ઠ મરાઠી અભિનેતાનો એવોર્ડ અપાવેલો. તેની ‘ગુડલક જેરી’, ‘સાસ, બહુ ઔર ફ્લેમિંગો’ જેવી ફિલ્મ ઓટીટી પ્લેટફોર્મ પર રજૂ થયેલી. દીપક વેબ સિરીઝમાં કામ નથી કરતો. તેનું ફોકસ ફિલ્મો જ છે. તે કહે છે કે હવે ફિલ્મો સારી ભૂમિકા આપી શકે છે અને પ્રેક્ષકો પણ હવે સ્ટાર્સના કારણે જ ફિલ્મો જોતા નથી અને એટલે મનોજ વાજપેયી, બોમન ઈરાની, અનુપમ ખેર, પંકજ મિશ્રા સહિત અનેકને મહત્ત્વની ભૂમિકા મળે છે. ઈરફાન ખાન જેવા હીરો તરીકે કામ કરે ત્યારે રેગ્યુલર હીરોથી જુદા પડી જતા. હું હંમેશા સારી ભૂમિકાની તલાશમાં રહું છું. દીપક હવે ‘સન ઓફ સરદાર-2’માં અજય દેવગણ, સંજય દત્ત, મૃણાલ ઠાકુર સાથે આવી રહ્યો છે. દીપક માને છે કે અત્યારે જે નવા અભિનેતા આવ્યા તે એકદમ શહેરી લુક ધરાવતા નથી એટલે ફિલ્મોમાં ગામડાં ને નાનાં શહેરોમાં લોકેશન પણ મહત્ત્વનાં બને છે. અત્યારે 49 વર્ષનો થઇ ચૂકેલો દીપક, લારા ભલ્લાને પરણ્યો છે ને મુંબઈમાં એક સારી જિંદગી વિતાવી રહ્યો છે. તે કહે છે કે સારા કળાકારોને હવે કામ મળી જ રહે છે બસ પોતાના વિશે ખોટા ભ્રમ ન રાખો તે વધારે અગત્યનું છે. ●


**“નાટકમાંથી આવેલા અભિનેતા જરા વધુ આત્મવિશ્વાસવાળા હોય છે. સામાન્ય ચહેરો ધરાવતો દીપક પોતાના પાત્રમાં હોય ત્યારે અસામાન્ય વર્તાવા માંડે છે”**

# એક્ટિંગમાં કેટલો ‘વીર’ સાબિત થશે?




વીર પહારિયાને તેના અભિનય માટે ચર્ચવો કે પછી સારા અલી ખાન સાથે ડેટ કરી રહ્યાની વાતે ચર્ચા કરવી. વીર શું તેનો ભાઈ શિખર પણ જાન્હવી કપૂર સાથે ડેટ કરતો હોવાનું કહેવાય છે. ફિલ્મમાં નવા એકટરોની ચર્ચા ઝડપભેર થતી નથી પણ જો તે જાણીતી એકટ્રેસ સાથે ડેટ કરવા માંડે તો અચાનક બધાની નજર તેના પર પડવા માંડે છે. જો બહુ જ જાણીતી અભિનેત્રી સાથે ડેટ કરે તો તો તેવાને સેલિબ્રિટી માની લેવામાં આવે છે. વીર અને શિખર બંને ભાઈઓ છે અને અનંત અંબાણી-રાધિકા મર્ચન્ટના લગ્નમાં હાજરી આપી ત્યારે ખૂબ ચર્ચામાં આવી ગયેલા. બંને યુવાન છે અને ચર્ચામાં રહેવાનું જાણે છે.આ બંને ભાઈઓ બિઝનેસ ટાઈકુન સંજય પહારિયા અને સોબો ફિલ્મ્સની માલિક સ્મૃતિના દીકરાઓ છે. વીર અને શિખરના નાના મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રી છે. વીરએ આસિસ્ટન્ટ ડાયરેકટર તરીકે શરૂઆત કરેલી અને હવે અક્ષયકુમાર સાથે ‘સ્કાય ફોર્સ’માં દેખાશે. જાન્હવી કે સારા અલી ખાન આ ભાઈઓ સાથે ડેટ પર જઇ શકે છે કારણ કે ઉદ્યોગપતિના દીકરા છે અને રાજકારણ સાથે પણ નાતો રહ્યો હોય એવું કુટુંબ છે.

જો કે સારા અલી ખાન સાથે હવે વીરને સંબંધ નથી રહ્યો પણ હમણાં એક વિડિયોમાં બંને સાથે ડાન્સ કરતા દેખાયેલાં. ફિલ્મોમાં હમણાં એવો ટ્રેન્ડ છે કે ફાવે તો સાથે ફરવાનું અને ન ફાવે તો જૂદા પડી ગયાનું કહેવા સાથે જ ફરવાનું ચાલુ રાખવાનું. મૂળ વાત તો એ છે કે આ વીર પહાડિયા ફિલ્મોમાં શું કરી શકે છે. જો તે ‘સ્કાય ફોર્સ’માં પોતાનો પ્રભાવ દર્શાવી શકશે તો ભવિષ્ય છે બાકી હીરોઈનો સાથે ડેટ કરવાથી થોડો સમય ચર્ચાશે ને પછી ભૂલી જવાશે. ●



# 25 વર્ષે મુંબઈ પાછી ફરેલી મમતા કુલકર્ણી હવે ક્યા વિવાદોથી ગાજશે?




હિન્દી ફિલ્મોમાં કામ કરતાં કરતાં ક્યાંથી ક્યાં પહોંચાય તેનો અંદાજ લગાવવો મુશ્કેલ છે. વિનોદ ખન્ના, મહેશ ભટ્ટ, પ્રેમનાથ, શમ્મી કપૂર, સુનીલ દત્તે ભગવાં ધારણ કરી લીધેલાં. આ બધાએ ગુરુ કર્યા અને ફિલ્મોથી દૂર ચાલી ગયેલા. સુચિત્રા સેન વર્ષો સુધી કોઈને મળ્યાં નહીં અને માત્ર રામકૃષ્ણ પરમહંસના ધર્મબોધને અનુસરી રામકૃષ્ણ મિશન પર કોઈક વાર જતાં અને ધ્યાનમાં બેસી જતાં. પરવીન બાબી યુજી કૃષ્ણમૂર્તિ પાસે રહેલાં. જો કે મહેશ ભટ્ટ તેમને ત્યાં લઈ ગયેલા. મંદાકિનીએ ગુનેગારો જોડે સંગત કરી. દાઉદ ઈબ્રાહીમ અને એવા બીજા ડોન સાથે આપણી અભિનેત્રીઓ પથારીભેગી થઈ છે. હમણાં મમતા કુલકર્ણી મુંબઈ આવી છે. પૂરાં 25 વર્ષ તે મુંબઈની બહાર રહી અને આવી છે ત્યારે હાથમાં માળાઓ વીંટાળેલી છે. તે વિકી ગોસ્વામી સાથે ગાઢ સંબંધ ધરાવતી હતી જે ડ્રગની ગેરકાયદેસર હેરફેરના આરોપ હેઠળ દુબઈની જેલમાં દશ વર્ષ રહ્યો. મમતા આ વિકીને પરણી નહોતી પણ તેના સંબંધ પતિ-પત્નીથી પણ વધારે કહી શકાય એવા હતા. એટલે વિકીને જેલમાં મળવા જતી. 2016માં પોલીસે મમતાનું નામ પણ આ કેસમાં દાખલ કરેલું. રૂ. 2000 કરોડના ઈન્ટરનેશનલ ડ્રગ રેકેટમાં મમતા પણ આરોપી બનાવાયેલી પણ પછી તેને છોડી દેવાયેલી. મમતાએ ‘વકત હમારા હૈ’, ‘ક્રાન્તિવીર’, ‘કરન અર્જુન’, ‘સબસે બડા ખિલાડી’, ‘આંદોલન’ અને ‘બાજી’ જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. શાહરૂખ ખાન, આમીર ખાન જેવા સ્ટાર્સની તે હીરોઈન રહી છે. ઘણી અભિનેત્રીઓ ફિલ્મમાં નામ મેળવે અને પછી એ નામના વડે મોટા ઉદ્યોગપતિ કુટુંબમાં પરણી જાય. કેટલીકને આ રીતે અખબારોમાં સતત ચર્ચાતા જાણીતા ડોન સાથે સંબંધ રહ્યા અને લગભગ રખાતની જેમ તેની સાથે રહી છે. મંદાકિની પણ ડોન સાથે પરણી નહોતી તેમ મમતા પણ પરણી નથી. લગ્ન કરે તો મોટા કેસમાં કાયમ માટે ફસાઈ જઈ શકે. મમતા આજે પણ વિકી ગોસ્વામીને સારા માણસ તરીકે ઓળખાવે છે. મમતાએ વિકીને જેલમાંથી છોડાવવા ઘણા પ્રયત્નો કર્યા હતા. વિકીએ સજાથી બચવા જેલમાં જ મમતા સાથે લગ્ન કરેલા એવું પણ કહેવાય છે. દુબઈમાં જેલ પૂરી થઈ પછી તે બંને કેન્યા ચાલી ગયા હતા. વિકી આમ અમદાવાદનો છે અને પાલડી વિસ્તારમાં આવેલી લક્ષ્મીકુંજ સોસાયટીમાં તેનો છ નંબરનો બંગલો છે. વિકીની 1997માં ધરપકડ થયેલી અને 25 વર્ષની સજા થયેલી પણ તેણે મુસ્લિમ ધર્મ અપનાવી લીધેલો અને પાંચ જ વર્ષમાં છૂટી ગયેલો. વિકી નિવૃત્ત ડીએસપી આનંદપુરી ગોસ્વામીનો દીકરો છે. તેના પિતા પણ ગેરકાયદેસર રીતે દારૂ વેચવાનો ધંધો કરતા હતા અને એ ગુના હેઠળ તેને બરતરફ પણ કરાયેલા. મમતા કુલકર્ણી વિકી સાથે લાંબા સંબંધમાં રહ્યા પછી હવે મુંબઈ આવી છે. મમતા કબૂલે છે કે હવે વિકી સાથે સંબંધ નથી રહ્યો. મમતા ફરી ફિલ્મોમાં કામ કરશે કે નહીં તે હજુ નિશ્ચિત નથી અને જે વખતે કામ કરતી હતી ત્યારે તે બહુ મોટી હીરોઈન બની ગઈ હતી એવું ય નથી. અત્યારે તે બાવન વર્ષની છે. મમતાના છોટા રાજન ગેંગ સાથેના સંબંધ જાહેર થયા પછી ફિલ્મોમાં કામ મળતાં બંધ થઈ ગયેલાં. 2001ની ‘છૂપા રૂસ્તમઃ એ મ્યુઝિકિલ થ્રીલ’ તેની છેલ્લી ફિલ્મ હતી. બાકી હિન્દી ઉપરાંત કન્નડ, તમિલ, તેલુગુ, મલયાલમ અને બંગાળી ફિલ્મમાં પણ તેણે કામ કર્યું છે. હવે તેને ફરી કામ મળશે કે નહીં તે સવાલ છે. આમ પણ આ ઉંમરે તે હીરોઈન તરીકે તો ફિલ્મો ન જ મેળવી શકે. જે સમયે કામ કરતી ત્યારે તેની ઓળખ ગ્લેમરસ, સેક્સી અભિનેત્રી તરીકેની જ હતી. સ્ટારડસ્ટ મેગેઝીનમાં તે ટોપલેસ ફોટાને કારણે પણ વિવાદ ચગ્યો હતો. રાજકુમાર સંતોષીએ તેને ‘ચાઈના ગેટ’માં લીધી હતી પણ પછી તેને ફિલ્મમાંથી કાઢી મૂકવી પડેલી. તે વખતે સંતોષી પર અંડરવર્લ્ડ તરફથી ધમકીના ફોન આવતા. મમતા કાંઈ માયા નથી. વિકી ગોસ્વામી જેલમાં હતો ત્યારે તેના રિયલ એસ્ટેટના ધંધા અને દુબઈની હોટલને મમતાએ જ સંભાળ્યાં હતાં. મમતાએ ‘ઓટોબાયોગ્રાફી ઓફ એ યોગિની-મન’ નામનું પુસ્તક પણ લખ્યું છે. મમતા ધર્મના શરણે પણ ગઈ છે અને જગદંબા માતાની ભક્ત છે. અલાહાબાદના કુંભમેળામાં તે જવાની છે. મમતા વિશે એક સારી ફિલ્મ બની શકે તેમ છે. કારણકે તેના જીવનમાં અનેક વળાંક આવ્યા છે.

મમતા હવે મુંબઈ તો આવી છે પણ ફિલ્મોમાં પાછી વળવાનું બહુ બનશે નહીં. હા, ટી.વી.નાં રિયાલિટી શોમાં તે દેખાશે. ‘બિગબોસ’ ની નવી સીઝનમાં પણ તે આવી શકે છે. ‘બિગબોસ’ને વિવાદાસ્પદ સેલિબ્રિટી જ ગમતી હોય છે ને મમતા તો આ બાબતે એકદમ પર્ફેક્ટ છે. ●

**મમતાના છોટા રાજન ગેંગ સાથેના સંબંધ જાહેર થયા પછી ફિલ્મોમાં કામ મળતાં બંધ થઈ ગયેલાં. 2001ની ‘છૂપા રૂસ્તમઃ એ મ્યુઝિકિલ થ્રીલ’ તેની છેલ્લી ફિલ્મ હતી**